# ૧૧. ધન્ય છે ગંગાને !



નર્મદા નદીને કાંઠે આવેલું ઓમકારેશ્વર યાત્રાધામ તરીકે જાણીતું છે. ત્યાં નદી પર અનેક ઘાટ બાંધવામાં આવ્યા છે. ઘાટ પર બેસીને લોકો સ્નાન કરે કે કપડાં ધુએ.

ઈ. સ. ૧૯૮૫ની વાત.

ગંગાને ઘેર ધોબીનું કામ. રોજ તે કપડાંનો ગાંસડો લઈ કેવલરામ ઘાટ પર કપડાં ધોવા જાય. નદી સાથે કામ અને તરતાં ન આવડે એ કેમ બને ? ગંગાને સરસ તરતાં આવડે. પાછી બહાદુર પણ ખરી !

એક દિવસની વાત.

કેવલરામ ઘાટ પર સંજય નામનો એક

છોકરો નહાતો હતો. ઘાટનાં પગથિયાં લીલવાળાં એટલે સંજયનો પગ લપસ્યો. તે તો સીધો ઊંડા પાણીમાં પડ્યો.

સંજયની સાથે તેની બે બહેનો પણ નહાવા માટે આવી હતી. એકના એક વહાલસોયા ભાઈને પાણીમાં પડેલો જોઈને તેઓએ તેને બચાવવાની કોશિશ કરી, પણ ઊલટું તે બંને પણ પ્રવાહમાં તણાવા લાગી.

એક સાથે ત્રણ ત્રણ બાળકો પાણીમાં ડૂબવા લાગ્યાં.

ગંગાએ કપડાં ધોતાં ધોતાં આ કરુણ દશ્ય જોયું. એ હિંમતબાજ અને સાહસિક કન્યાને થયું : ''હું અહીં ઘાટ પર હાજર હોઉં ને મારી નજર સામે ત્રણ ત્રણ બાળકો ડૂબી મરે ? એ તે કેમ બને ?'' ગંગાએ ચણિયાનો કછોટો માર્યો અને નર્મદાનાં નીરમાં ઝુકાવ્યું. પાણીમાં તે મગરની જેમ સડસડાટ આગળ વધી. ઝડપથી તરતી તરતી પેલાં ત્રણ બાળકોની પાસે પહોંચી ગઈ.

ત્રણેય બાળકો પાણીમાં પણ એકબીજાને વળગેલાં હતાં. એક બાલિકાના છૂટા વાળ ગંગાના હાથમાં આવી ગયા. ગંગાએ એક બહેનને ખેંચી ત્યાં તો એ ત્રણેય પ્રવાહની ઉપર આવી ગયાં. પછી તો નર્મદાના તેજ પ્રવાહમાં તરતી ગંગા ઘાટ પર પહોંચી ગઈ. આમ બહાદુર બાળાએ ત્રણેયને કિનારે પહોંચાડી દીધાં.

ત્યાં સુધીમાં તો ઘાટ પર માણસોની ઠઠ જામી ગઈ હતી. ગંગાના પરાક્રમથી સૌ પ્રભાવિત થઈ ગયા. કોઈની હિંમત ન ચાલી ત્યારે એક તેર વરસની છોકરીએ જીવની પરવા ન કરતાં ત્રણ ત્રણ બાળકોને બચાવી લીધાં. પ્રાથમિક ઉપચાર કરીને ત્રણેય બાળકોનાં પેટમાં ભરાઈ ગયેલું પાણી કાઢી નાખવામાં આવ્યું.

ગંગાની બહાદુરી, હિંમત અને સમયસૂચકતાનાં સૌ વખાણ કરવા લાગ્યાં.

### શબ્દાર્થ

ગાંસડો – પોટલું ; લીલ – શેવાળ ; કોશિશ – પ્રયત્ન ; કરુણ – દુઃખ ઉપજાવનારું ; પ્રવાહ – વહેણ ; નીર – પાણી, જળ ; તેજ – ઝડપી, વેગીલું ; ઉપચાર – સારવાર, ઉપાય.

### શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- વર્ગના બહાદુર બાળકોનાં નામની યાદી.
- યાદીમાંનાં બાળકોએ બતાવેલી બહાદુરીના પ્રસંગની ચર્ચા
- સાહસિક બાળકોનાં કોઈ પ્રસંગની રજૂઆત.
- સાહસિક બાળકોને અપાતા રાષ્ટ્રીય પુરસ્કારોની માહિતી.



## સ્વાધ્યાય



સ. ૧ એક શબ્દમાં જવાબ લખો.

૧) નર્મદા નદીને કાંઠે કયું યાત્રાધામ જાણીતું છે ? ................................

૨) ઘાટનું નામ શું હતું ? ................................

૩) ઘાટનાં પગથિયાં કેવાં હતાં ? ................................

૪) નર્મદાનો પ્રવાહ કેવો હતો ? ................................

૫) ગંગા પાણીમાં કોની જેમ તરતી હતી ? ................................

સ. ૨ પૂરા વાક્યમાં જવાબ લખો.

૧) સંજયનો પગ શાથી લપસ્યો ?
જવાબ : ................................

૨) સંજયને બચાવવાની કોશિશ કોણે કરી ?
જવાબ : ................................

૩) ઘાટ પરના લોકો શેનાથી પ્રભાવિત થઈ ગયા ?
જવાબ : ................................

૪) લોકો ગંગાના કયા કયા ગુણોનાં વખાણ કરવા લાગ્યાં ?
જવાબ : ................................

૫) બાળકોના પેટમાં ગયેલું પાણી કાઢવા શું કર્યું ?
જવાબ : ................................

સ. ૩ નીચેના શબ્દસમૂહો અને અર્થની જોડી બનાવો.

| | |
|---|---|
| ૧) કછોટો મારવો | જાનની ચિંતા ન કરવી. |
| ૨) નીરમાં ઝુકાવવું | ગિરદી થવી. |
| ૩) ઠઠ જામવી | છેડો પગ વચ્ચેથી કમરમાં ખોસવો. |
| ૪) જીવની પરવા ન કરવી | પાણીમાં ડૂબકી મારવી. |

સ. ૪ નમૂના પ્રમાણે શબ્દ બનાવો. દા. ત. રમવું – રમાડવું

૧) જમવું – .................... ૨) ગમવું – ....................

૩) બેસવું – .................... ૪) પહોંચવું – ....................

સ. ૫ વચન બદલો.

૧) નદી – .................... ૨) પગથિયું – ....................

૩) છોકરો – .................... ૪) મગર – ....................

૫) દૃશ્ય – .................... ૬) દિવસ – ....................

સ. ૬ રમતાં રમતાં તમારો એક મિત્ર અચાનક પડી ગયો અને તેને લોહી નીકળવા લાગ્યું. તાત્કાલિક તમે શું કરશો ?



## વિશેષ

નીચેના શબ્દો જોઈજોઈને ફરીથી લખો.

| | | | |
|---|---|---|---|
| ૧) ઓમકારેશ્વર – | .................. | ૨) સ્નાન – | .................... |
| ૩) પ્રવાહ – | .................... | ૪) છૂટ્ટા – | .................... |
| ૫) ઝુકાવ્યું – | .................... | ૬) પરાક્રમ – | .................... |
| ૭) પ્રાત્યક્ષિક – | .................... | ૮) નર્મદા – | .................... |

## ઉપક્રમ

ગંગાએ સમયસૂચકતા વાપરીને ત્રણેય બાળકોને બચાવી લીધા.
તમે કયા કયા પ્રસંગે સમયસૂચકતા વાપરશો ?
તેવા ત્રણ પ્રસંગો વર્ણવો.



## હું વાંચું ..... તમે પણ વાંચો

### કોણ શું કહે છે ?





વૃક્ષ : દુઃખ સહન કરીને પણ પરોપકાર કરો.

વાદળ : બીજા માટે વરસી જતાં શીખો.

ધૂપસળી : પોતે સળગીને પણ બીજાને સુગંધ આપો.

ફૂલ : સુખ અને દુઃખ બંનેમાં હસતાં રહો.

સૂર્ય : મારી જેમ નિયમિત બનો.

સોય : જુદા થયેલાને ભેગા કરો.

અરીસો : જેવા હશો તેવા જ દેખાશો.

પર્વત : ગમે તેવી સ્થિતિમાં અડગ રહો.

કુગ્ગો : અભિમાનથી ફૂલતા જશો તો ફૂટી જશો.

નદી : જ્યાંથી માર્ગ મળે તે માર્ગે સતત આગળ વધતા રહો.

















**પરોપકાર સૌથી મોટો ધર્મ છે.**